# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ______________________

(Name) ______________________

2. (Signature) ______________________

(Name) ______________________

| J | 3 | 7 | 1 | 3 |
|---|---|---|---|---|

OMR Sheet No. : ..............................................

(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |

(In figures as per admission card)

Roll No.______________________

(In words)

Time : **1 $^1/_4$** hours] [Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **8** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal / polythene bag on the booklet. Do not accept a booklet without sticker-seal / without polythene bag and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the circle as indicated below on the correct response against each item.
   **Example :** (A) (B) ● (D)
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील / पोलिथीन बैग को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील / बिना पोलिथीन बैग की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   **उदाहरण** : (A) (B) ● (D) जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं । यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें । हालांकि आप परीक्षा समाप्ति पर OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं ।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई अंक काटे नहीं जाएँगे ।**

# GUJARATI
## પ્રશ્નપત્ર – II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** બહુવિકલ્પી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'નેમિનાથચતુષ્પદિકા' ના કવિ કોણ છે ?
(A) જયશેખર સૂરિ
(B) લાવણ્ય સમય સૂરિ
(C) રાજશેખર સૂરિ
(D) વિનયચંદ્ર સૂરિ

**2.** 'વિમલપ્રબંધ' ના કર્તાનું નામ જણાવો.
(A) લાવણ્ય સમય સૂરિ
(B) વિનયચંદ્ર સૂરિ
(C) વિમલ સૂરિ
(D) માણિક્યચંદ્ર સૂરિ

**3.** 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ' પંક્તિનો છંદ ઓળખાવો.
(A) દોહરો
(B) છપ્પય
(C) ચોપાઈ
(D) સોરઠો

**4.** 'નિંદ્યશૃંગાર નિષેધક રૂપક' ના સર્જક કોણ છે ?
(A) નગીનદાસ મારફતિયા
(B) રણછોડભાઈ ઉદયરામ
(C) નૃસિંહ વિભાકર
(D) દલપતરામ

**5.** 'જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન' પ્રકરણનું વૈકલ્પિક શીર્ષક કયું છે ?
(A) વાડામાં લીલા
(B) રસ્તામાં
(C) સુવર્ણપુરનો અતિથિ
(D) રાત્રિસંસાર

**6.** નીચેનામાંથી કઈ વાર્તા પન્નાલાલ પટેલની નથી ?
(A) મા
(B) ઓરતા
(C) ત્રિભેટે
(D) રંગવાતો

**7.** 'હળવે તે હાથે ઉપાડજો રે, અમે કોમળ કોમળ' પંક્તિના કવિ કોણ છે ?
(A) વિનોદ જોશી
(B) રમેશ પારેખ
(C) અનિલ જોશી
(D) માધવ રામાનુજ

**8.** નીચેનામાંથી કોણ 'અભિજ્ઞાન શાકુંતલમ્' ના અનુવાદ સાથે સંકળાયેલું નથી ?
(A) નર્મદ
(B) બ.ક. ઠાકોર
(C) રસિકલાલ પરીખ
(D) ઉમાશંકર જોશી

**9.** નીચેનામાંથી કયો સંગ્રહ સુરેશ દલાલનો નથી ?
(A) ભોંયબદલો
(B) નામ લખી દઉં
(C) ઘરઝૂરાયો
(D) એકાન્ત

**10.** નીચેનામાંથી કયા સામયિક સાથે જયંતી દલાલ સંકળાયેલા હતા ?
(A) રે
(B) રેખા
(C) રંગભૂમિ
(D) રુચિ

**11.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. પેરિ હપ્સુસ
2. પોએટિક્સ
3. ડિકન્સ્ટ્રક્શન
4. બિઈંગ એન્ડ નથિંગનેસ
(A) 1-2-3-4
(B) 2-1-4-3
(C) 4-2-1-3
(D) 1-3-2-4

**12.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. ભદ્રંભદ્ર
2. કવિતા અને સાહિત્ય ભા-1
3. રાઈનો પર્વત
4. હાસ્યમંદિર
(A) 3-2-1-4
(B) 1-4-3-2
(C) 1-2-3-4
(D) 4-3-2-1

**13.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. પૂર્વોત્તર
2. વિદિશા
3. દેવોની ઘાટી
4. રાધે તારા ડુંગરિયા પર
(A) 1-2-3-4
(B) 2-3-1-4
(C) 2-4-1-3
(D) 2-1-4-3

**14.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. મહીપતરામનું વિદેશગમન
2. દલપત-ફાર્બસમિલન
3. રાજા રામમોહનરાયનું અવસાન
4. મહારાજ લાયબલ કેસ
(A) 3-4-2-1
(B) 2-1-3-4
(C) 4-3-1-2
(D) 1-3-4-2

**15.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. દર્શનિકા
2. વિલ્સનવિરહ
3. પરલોકે પત્ર
4. અનુ દીકરી
(A) 3-1-2-4
(B) 2-1-4-3
(C) 1-3-2-4
(D) 4-3-1-2

**16.** કાલાનુક્રમે ગોઠવણી કરો :
1. સ્ત્રીબોધ
2. નચિકેતા
3. વાણી
4. મુદ્રાંકન
(A) 2-3-1-4
(B) 3-1-2-4
(C) 1-2-3-4
(D) 4-2-3-1

**17.** સર્વથા સુસંગત વિગત જૂથ જણાવો :
(A) ઉપહાર, વળાવી બા આવી, રમા
(B) વાતો, આધુનિક અરણ્ય, આદિમતાની એક અનુભૂતિ
(C) વધામણી, આયુષ્યના અવશેષે, પાંડુકાવ્યો
(D) જૂનું ઘર ખાલી કરતાં, જૂનું પિયર ઘર, અમે રે તિલક રાજા રામના

**18.** સર્વથા સુસંગત વિગત જૂથ જણાવો.
(A) આ ઘેર, પેલે ઘેર, નાઇટમેર, નીલીનું ભૂત
(B) પોસ્ટ ઑફિસ, માજા વેલાનું મૃત્યુ, ના છૂટકે
(C) થીગડું, રાક્ષસ, આંધળી ગલી
(D) મહેફિલે ફેસાને ગુયાન, બુદ્ધિ વિજય, સૌભાગ્યવતી

**19.** સર્વથા સુસંગત જૂથ જણાવો :
(A) પ્રાચીન કાવ્યમાળા, પ્રાચીન કાવ્ય સુધા, જૈન ગુર્જર કવિઓ
(B) મ્હારાં સૉનેટ, રાજેન્દ્ર શાહનાં કાવ્યો, ન્હાના ન્હાના રાસ
(C) વેનચરિત, સતની સરવાણી, ચારણી સાહિત્ય
(D) ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો, રુસ્તમનો સલોકો, સ્નેહમુદ્રા

**20.** સર્વથા વિસંગત જૂથ જણાવો :
(A) સરસ્વતીચન્દ્ર : ગરબડ, રઘી, મેરુલો
(B) ઝેર તો પીધાં છે જાણી જાણી : અચ્યુત, રોહિણી, હેમંત
(C) મળેલા જીવ : કાળુ, જીવી, માલી
(D) રાઈનો પર્વત : કમળા, વીણાવતી, સાવિત્રી

**21.** સર્વથા વિસંગત જૂથ જણાવો :
(A) સુધારક યુગ : નર્મદ, દલપતરામ, નગીનદાસ મારફતિયા
(B) પંડિત યુગ : નરસિંહરાવ, બાલાશંકર, બ.ક. ઠાકોર
(C) ગાંધી યુગ : કાલેલકર, મશરૂવાળા, નાનાભાઈ ભટ્ટ
(D) અનુગાંધી યુગ : રાજેન્દ્ર શાહ, પૂજાલાલ, પ્રિયકાંત મણિયાર

**22.** સર્વથા વિસંગત જૂથ જણાવો :
(A) અઘોષ : ક ખ ચ છ
(B) ઘોષ : ગ ઘ જ ઠ
(C) અલ્પપ્રાણ : ક ચ ટ ત
(D) મહાપ્રાણ : ઘ ઝ ઢ ધ

**23.** સર્વથા વિસંગત જૂથ જણાવો :
(A) ફટાણાં, ચંપૂ, ખાયણાં
(B) મરશિયાં, હાલરડાં, લગ્નગીત
(C) દૂહા, સુભાષિત, મુક્તક
(D) રાસડા, ગરબા, રાજિયા

**24.** નીચેના વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :
**(A) :** ભાષા નૈસર્ગિક છે.
**(R) :** ભાષા યાદૃચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**25.** નીચેના વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :
**(A) :** લોલ્લટના મતે રસપ્રક્રિયામાં અનુમાન વ્યાપાર નિહિત હોય છે.
**(R) :** ભટ્ટ શંકુક 'ચિત્રતુરગન્યાયે' વિશિષ્ટ પ્રતીતિનો નિર્દેશ કરે છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**26.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :
**(A) :** 'કેથાર્સિસ' આયુર્વેદની પરિભાષા છે.
**(R) :** એરિસ્ટોટલ વૈદ્યના વ્યવસાય સાથે જોડાયેલા હતા.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**27.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :
**(A) :** તીવ્ર અનુસ્વાર વ્યંજનનો પર્યાય છે.
**(R) :** પ્રત્યેક અનુસ્વાર વ્યંજન હોય છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**28.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :
**(A) :** 'વાત્રકને કાંઠે'ની નાયિકા એકલી રહેતી હતી.
**(R) :** બન્ને પતિઓએ એનો ત્યાગ કર્યો હતો.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**29.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
**(A) :** 'ભરતેસર બાહુબલિરાસ'ના કર્તા શાલિભદ્રસૂરિ છે.
**(R) :** 'પંચ પાંડવ રાસ'ના કર્તા શાલિભદ્રસૂરિ છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**30.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
**(A) :** 'જ્ઞ' સંયુક્તાક્ષર છે.
**(R) :** 'ગ્' અને 'ન્' ના સંયોગથી 'જ્ઞ' બને છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**31.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A) :** અ અને ઈ સજાતીય સ્વર છે.

**(R) :** અ અને આ સજાતીય સ્વર છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**32.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A) :** 'એ ડૉલ્સ હાઉસ' નો 'ઢીંગલી ઘર' નામે અનુવાદ બળવંત જાનીએ કર્યો છે.

**(R) :** 'ધ ઘોસ્ટ્સ'નો 'ભૂતાવળ' નામે અનુવાદ જયંતી દલાલે કર્યો છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**33.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A) :** અરવિંદ ઘોષે 'સાવિત્રી' નામે નાટક લખ્યું છે.

**(R) :** બોટાદકરે 'સાવિત્રી' નામનું ખંડકાવ્ય લખ્યું છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**34.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A) :** 'એકાંકી' નામના સામયિકનું સંપાદન નંદકુમાર પાઠક કરતા હતા.

**(R) :** 'ભૂમિકા' નામના સામયિકનું સંપાદન અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ કરતા હતા.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**35.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A) :** 'રાઈનો પર્વત'માં વિદૂષકનું નામ મંજૂલ છે.

**(R) :** 'રાઈનો પર્વત'માં રાઈનું મૂળ નામ જગદીપ છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) ખોટું છે અને (R) સાચું છે.

**36.** બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. ન ભ ભ ર | 1. ઈન્દ્રવંશા |
| b. જ ત જ ર | 2. દ્રુતવિલંબિત |
| c. ત ત જ ર | 3. તોટક |
| d. સ સ સ સ | 4. વંશસ્થ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 1 | 3 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 4 | 1 | 3 | 2 |

**37.** બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. કંઠ્ય વ્યંજન | 1. સ્ શ્ |
| b. અનુનાસિક | 2. ય વ |
| c. અર્ધ સ્વર | 3. ણ્ મ્ |
| d. ઉષ્મ વ્યંજન | 4. ખ્ ઘ્ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 1 | 4 | 3 |

**38.** બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. દ્વૈપાયન | 1. હરિપ્રસાદ ભટ્ટ |
| b. પતીલ | 2. કૃષ્ણવીર દીક્ષિત |
| c. મસ્તફકીર | 3. સુંદરજી બેટાઈ |
| d. પરંતપ | 4. મગનભાઈ પટેલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 4 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 2 | 3 | 1 |
| (D) | 3 | 4 | 2 | 1 |

**39.** બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. રામાયણ | 1. મદાલસા આખ્યાન |
| b. મહાભારત | 2. અજામિલ આખ્યાન |
| c. માર્કંડેય પુરાણ | 3. રણયજ્ઞ |
| d. શ્રીમદ ભાગવત્ | 4. અભિમન્યુ આખ્યાન |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 1 | 4 |
| (B) | 4 | 2 | 3 | 1 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 4 | 1 | 2 |

**40.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | લોકસાહિત્ય વિમર્શ | 1. | હસુ યાજ્ઞિક |
| b. | લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર | 2. | ઝવેરચંદ મેઘાણી |
| c. | લોકસાહિત્યનું સમાલોચન | 3. | બિપિન આશર |
| d. | લોકસાહિત્ય ભણી | 4. | જયમલ્લ પરમાર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 2 | 4 | 3 | 1 |

**41.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | વીક્ષા-અન્વીક્ષા | 1. | નગીનદાસ પારેખ |
| b. | પૂજા અને પરીક્ષા | 2. | વિશ્વનાથ ભટ્ટ |
| c. | અન્વીક્ષા | 3. | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |
| d. | વીક્ષા | 4. | પ્રભાશંકર તેરૈયા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 4 | 2 | 3 | 1 |

**42.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | જળને પડદે | 1. | ઝવેરચંદ મેઘાણી |
| b. | ધૂળનો સૂરજ | 2. | મણિલાલ દ્વિવેદી |
| c. | પહાડનું બાળક | 3. | કાન્ત |
| d. | ઊંચો પર્વત, ઊંડી ખીણ | 4. | જયંત ખત્રી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 3 | 1 | 2 | 4 |

**43.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | મરણોત્તર | 1. | નિષાદ |
| b. | ચહેરા | 2. | માલા |
| c. | સ્વપ્નતીર્થ | 3. | વિલોમ |
| d. | કાફલો | 4. | નવીન |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 2 | 1 | 4 | 3 |

**44.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ | 1. | પ્રબોધ પંડિત |
| b. | વ્યાકરણ: અર્થ અને આકાર | 2. | હરિવલ્લભ ભાયાણી |
| c. | સામાજિક ભાષાવિજ્ઞાન | 3. | ઊર્મિ દેસાઈ |
| d. | વ્યાકરણ વિમર્શ | 4. | યોગેન્દ્ર વ્યાસ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 1 | 3 | 2 | 4 |

**45.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| a. | સિંજારવ | 1. | પ્રિયકાન્ત મણિયાર |
| b. | સરવાણી | 2. | જયંત પાઠક |
| c. | સંકેત | 3. | પ્રહ્લાદ પારેખ |
| d. | સ્પર્શ | 4. | વેણીભાઈ પુરોહિત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 4 | 2 | 3 | 1 |

ગદ્યખંડની નીચે આપેલા પશ્નોના સાચા ઉત્તરો લખો :

આધુનિક સાહિત્યના સ્વીકાર, આસ્વાદ અને મૂલવણીની બાબતમાં આપણે ત્યાંના તીવ્ર મતભેદોમાંથી ઘણા તો રુચિ કે અધિકારના ભેદનું પરિણામ છે એ સહેજે જોઈ શકાશે. મતભેદનું બીજું એક કારણ પણ આપણે ધ્યાનમાં લેવું જોઈએ. કોઈપણ ઘટનાને કેવળ ‘અંદરથી’ જોનારનો અને ‘બહારથી’ જોનારનો અભિપ્રાય જુદો જ હોવાનો. જુવાન પેઢી અમુક અનુભવોની ‘ભોક્તા’ છે જ્યારે આગલી પેઢી તેમની માત્ર રસિક ‘દ્રષ્ટા’ છે, જે રીતે એક ઓતપ્રોત કે સંડોવાયેલી છે તે રીતે બીજી નથી. જેણે આગલાં કેટલાંક સાહિત્યિક સાધનસામગ્રીની કાલગ્રસ્તતા કળી હોય અને જેને નવી અભિવ્યક્તિની મથામણમાં કશી સ્પષ્ટ-અસ્પષ્ટ દિશા સૂઝી હોય તેને અનુપમ અને અસાધારણ પ્રાપ્તિનો સહેજે અનુભવ થાય. જેમ સર્જકને તેમજ ભાવકને. તેમનું મૂલ્યાંકન પ્રવાહના નિર્માતા અને ભાગીદારનું મૂલ્યાંકન હોય છે, પણ પરંપરાથી આતરતા પ્રયોગને ‘બહારથી’ જોવાની દૃષ્ટિ તુલનાત્મક અને ઐતિહાસિક હોય છે. દરેક યુગસંધિ વખતે અભૂતપૂર્વ ક્રાંતિનો દાવો કરાતો હોય છે. ‘પરિવર્તનના ક્રમમાં આજનું નવું કાલે જૂનું થવાનું જ છે,’ ‘નવું તે તો રીતિભેદ’ – ‘માત્ર લહેકાથી માણસને થોડું મપાય ?’ વગેરે વિધાનો તેની મૂલ્યાંકન દૃષ્ટિનાં સૂચક છે. જૂના-નવાનો વધતો-ઓછો સંઘર્ષ દરેક જમાના માટે અનિવાર્ય હોય છે અને સ્થિતિ અને ગતિના સંતુલનનો એ મૂળભૂત નિયમ છે.

– હરિવલ્લભ ભાયાણી

**46.** આધુનિક સાહિત્ય સંદર્ભે ઊભા થતાં મતભેદ શેને કારણે છે ?

(A) તાત્ત્વિક ભિન્નતાને કારણે

(B) આસ્વાદ ક્ષમતાના અભાવને કારણે

(C) ગમા-અણગમાને કારણે

(D) સ્વીકૃતિની અસમંજસતાને કારણે

**47.** સાંપ્રત અને વિ-ગત પેઢી વચ્ચેના અભિપ્રાયભેદનું મુખ્ય કારણ કયું છે ?

(A) સંડોવણી અને તાટસ્થ્યનું

(B) જોવા-તપાસવાની ઉદાસીનતાનું

(C) અધિકાર અંગેની નાસમજનું

(D) બેજવાબદારીનું

**48.** અભિવ્યક્તિની મથામણનો આનંદ કોણ માણે છે ?

(A) વિવેચક

(B) કાલગ્રસ્ત વ્યક્તિ

(C) લેખક

(D) લેખક અને ભાવક

**49.** પરિસ્થિતિને બહારથી જોવાનો લાભ કયો છે ?

(A) પરંપરાને ચાતરી શકાય છે.

(B) ઐતિહાસિક દૃષ્ટિએ સરખામણી થઈ શકે છે.

(C) દિશાસૂઝ મળે છે.

(D) ક્રાંતિ કરી શકાય છે.

**50.** બે પેઢી વચ્ચે સંઘર્ષ ન હોય તો શું થાય ?

(A) યુગસંધિ થાય.

(B) મૂલ્યાંકન દૃષ્ટિ અકબંધ રહે.

(C) પરંપરા પરિવર્તન થાય.

(D) સ્થિતિ અને ગતિની સમતુલા ન જળવાય.

**Space For Rough Work**